દિગંબર જૈન ગ્રંથમાળા નં૦ ૪૯.

श्रीवीतरागाय नमः ।

साचा सुखनो उपाय.

३२

સંપાદક—

जैन धर्मभूषण ब्रह्मचारी शीतलप्रसादजी

અનુવાદક અને પ્રકાશક—

मूलचंद किसनदास कापडिया–सूरत.

વીર નિર્વાણ સં૦ ૨૪૪૨. ઈસ્વીસન ૧૯૧૬.

પ્રથમાવૃત્તિ. | 'जैनविजय' प्रेस–सूरत | પ્રત ૧૧૦૦.

મૂલ્ય:—સદ્ધર્મપરીક્ષા.

પ્રસ્તાવના.

સર્વ જીવો સુખના અભિલાષી (ઇચ્છુક) તો હોય છે, પણ ખરૂં સુખ કયું છે તેની માહીતિ ઘણા થોડાનેજ હોય છે, જેથી **જૈનધર્મભૂષણ શ્રીમદ્ બ્રહ્મચારી શીતલપ્રસાદજી** (સંપાદક, “જૈનમિત્ર”) એ **‘सच्चे सुखका उपाय’** નામની એક ટ્રેક્ટ લખીને તે હિંદી ભાષામાં પ્રકટ કરાવી છે, જેમાં સાચા સુખનાં તત્વો યાને જૈન ધર્મના સિદ્ધાંતો સંક્ષેપમાં સરળ રીતે સમજાવેલા હોવાથી આવા પુસ્તકનો ગુજરાતી ભાષામાં ફેલાવો થવાની આવશ્યકતા જણાયાથી વડોદરામાં આ ચાતુર્માસ દરમ્યાન આ બ્રહ્મચારીજીની મુલાકાતે અમો ગયેલા તે વખતે વડોદરામાં બ્રહ્મચારીજીનું એક જાહેર વ્યાખ્યાન કરાવવા અને તે પ્રસંગે આ ટ્રેક્ટ છપાવીને મફત વેંચવાનો વિચાર થયેલો, જે પછી એ કાર્યમાં નીચે મુજબ સહાયતા પ્રાપ્ત થવાથી એ પુસ્તકનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને તદ્દન વિના મૂલ્યે પ્રકટ કરવામાં આવે છે, જેનો લાભ સુખના અભિલાષીઓ (સર્વે બંધુઓ) પોતે અવશ્ય લેશે અને બીજાને પણ તે સમજાવશે. એવી અમોને પૂર્ણ આશા છે.


મળેલી મદદ

૫) શેઠ હરજીવનદાસ લાલચંદ	વડોદરા.
૫) શા. વીરચંદ ત્રીકમદાસ	,,
૫) શા પિતાંબરદાસ ત્રીકમદાસ	,,
૫) બાઇ મંછા કેશવલાલ નાથાભાઇ	,,
૫) મોતીચંદ ચોકાભાઇ હા. ફુલચંદ	માંજલપુર
૫) મૂળચંદ કસનદાસ કાપડિયા	સુરત

૫) નાથાભાઇ કાળીદાસ (વડોદરા) અને અમથ ભાઇ ગુલાબચંદ (કલોલ)

કુલ રૂા. ૩૫)

પ્રકાશક.



(अध्यात्मरसिक) जैनधर्मभूषण ब्रह्मचारी शीतलप्रसादजी

" जैनविजय " प्रेस–सूरत.

श्री वीतरागाय नमः ।

साचा सुखनो उपाय

अने

धर्मना मुख्य सिद्धांतो ।

(૧) સર્વે પ્રાણીઓ સુખ અને શાંતિ ઇચ્છે છે એ નિર્વિવાદ છે.

सुख क्यां छे ?

(૨) સુખ અને શાંતિ દરેક મનુષ્યના આત્મામાં છે. આત્માનો મૂળ સ્વભાવજ સુખ અને શાંતિ રૂપ છે, એથી આત્મા ઉપર ભાવ રાખવાથી સુખ અને શાંતિનો લાભ થાય છે.

आत्मा शुं वस्तु छे ?

(૩) આત્મા એક અજર અમર અવિનાશી દ્રવ્ય છે અને અનેક ગુણોનો સમુદાય છે. આત્મામાં બે પ્રકારના ગુણો છે—પહેલો સાધારણ ગુણ જે આત્મા અને બીજા દ્રવ્યોમાં પણ હોય છે અને બીજો અસાધારણ ગુણ જે આત્મા સિવાય બીજા કોઈ દ્રવ્યમાં હોતો નથી.

जगत् शुं छे ?

(૪) આ જગત્ છ પ્રકારના દ્રવ્યોનો સમુદાય છે અને એ છ દ્રવ્યો આ લોકમાં દરેક સ્થળે ભરેલા હોય છે, જેમાં એક જીવ છે અને પાંચ અજીવ છે જેમકે પુદ્ગળ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. આમાં ચેતનશક્તિ નથી અર્થાત્ જોવા જાણવા કે વિચારવાની શક્તિ નથી; ક્રોધ, માન,

માયા, લોભ નથી; દયા, ક્ષમા, શીલ, સંતોષ નથી, તોપણ દરેક દ્રવ્ય આત્મા અથવા જીવ દ્રવ્યની માફક સાધારણ અને અસાધારણ ગુણો-નો સમુદાય છે તેમજ અવિનાશી છે.

છ દ્રવ્યોનું પરિમાણ.

(૫) જીવ દ્રવ્ય અનંત (infinite) છે. દરેક જીવ નિરંતર જુદો છે અને જુદોજ રહેશે. કોઇની સત્તા (existence) અર્થાત્ હોવાપણું કોઇ બીજાની સત્તામાં કદિ પણ મળી શકતી નથી. પુદ્ગળ દ્રવ્ય (matter) પણ અનંત (infinit) છે. આકાશ દ્રવ્ય એક અખંડ સર્વવ્યાપી અને સર્વનો આધાર તથા વિસ્તારની અપેક્ષાએ અનંત (infinite) છે. ધર્મ દ્રવ્ય અને અધર્મ દ્રવ્ય પણ એક એક અખંડ લોકમાત્રમાં વ્યાપક છે. કાળ દ્રવ્ય અસંખ્યાત (innumerable) છે અને રત્નોના ઢગલાની માફક લોકાકાશમાં કાળના અણુઓ એક બીજાની સાથે જોડાયા વગર ભરેલા છે.

છ દ્રવ્યોનું સ્વરૂપ.

(૬) આ સર્વમાં સાધારણ ગુણો મોજુદ છે, જેમાંના મુખ્ય-**અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરૂલઘુત્વ,** અને **પ્રદેશત્વ** છે. જે ગુણ અને શક્તિથી દ્રવ્યનો કદિ નાશ ન થાય તેને અસ્તિત્વ ગુણ, જે ગુણ અને શક્તિથી દ્રવ્યમાં અર્થ ક્રિયા થાય અર્થાત્ કંઇ કામ થાય તેને વસ્તુત્વ ગુણ, જે ગુણ અને શક્તિથી દ્રવ્ય હમેશાં એક સરખું ન રહે, પણ જેની અવસ્થાઓ એક રૂપે અથવા બીજે રૂપે બદલાતી રહે, તેને દ્રવ્યત્વ ગુણ, જે ગુણ અને શક્તિથી દ્રવ્યનું કોઇને પણ જ્ઞાન થાય, તેને પ્રમેયત્વ ગુણ, જે ગુણ અને

શક્તિથી દ્રવ્યનું દ્રવ્યપણું કાયમ રહે અર્થાત્ એક દ્રવ્ય અને અને તેનો કોઇ ગુણુ બીજા દ્રવ્ય અને ગુણરૂપ બદલાઈ જાય અથવા એક દ્રવ્યના અનેક દ્રવ્ય ન થાય અને તેમાં રહેલા અનંત ગુણો વિખરાઇને જુદા જુદા થઇ ન જાય તેને અગુરૂલઘુત્વ ગુણ, અને જે ગુણ તથા શક્તિથી દ્રવ્યનો કંઇને કંઈ આકાર અવસ્ય થાય અર્થાત્ તે આકારને અવસ્ય ધેરે તેને પ્રદેશત્વ ગુણ કહે છે.

(૭) સર્વે દ્રવ્યોમાં હમેશાં એકી વખતે ત્રણ સ્વભાવ જોવામાં આવે છે જેને ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય કહે છે.

દ્રવ્યત્વ ગુણનાં કારણો. નવી હાલતનું ઉત્પન્ન થવું તે ઉત્પાદ, જુની હાલતનો નાશ થવો તે વ્યય અને દ્રવ્ય તથા તેના સર્વે ગુણોનું કાયમ રહેવું તે ધ્રૌવ્યપણું છે. જેમકે લીલી કેરીનું પીળા રંગમાં થઇ જવું. કેરી પાકે છે ત્યારે પીળી હાલતનો ઉત્પાદ થાય છે અને લીલી અવસ્થાનો નાશ થાય છે અને કેરી દ્રવ્ય તથા તેના પરમાણુ અને તેના ગુણોનું ધ્રૌવ્યપણું કાયમ રહે છે. દ્રવ્યને **"ગુણપર્યયવત્ દ્રવ્યમ"** શ્રી ઉમાસ્વમીએ તત્વાર્થસૂત્ર અ૦ ૫ સૂત્ર ૩૮માં કહેલું છે. દરેક દ્રવ્ય ગુણ અને પર્યાયને હમેશાં ધારણ કરે છે. ગુણ દ્રવ્યની સાથે હમેશાં રહેછે તેથી તે નિત્ય છે. પર્યાય અથવા ગુણની અવસ્થા દરેક સમયે જુદી જુદી થાય છે તેથી તે અનિત્ય છે. એ બંન્ને હમેશાં દ્રવ્યમાં હોય છે, એથી દ્રવ્યને **નિત્ય નિત્યાત્મક** અર્થાત્ ગુણની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય કહેછે. જેમ એક માટીનો ઘડો બનાવ્યો ત્યારે માટી અને તેના ગુણો તો નિત્ય છે, પણ માટીના લોચાની હાલત બદલાઇને ઘડો થઇ ગઇ તે અનિત્યતા છે.

(૮) આત્મા અથવા જીવમાં અસાધારણ અર્થાત્ વિશેષ ગુણ મુખ્યતાથી જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યક્ત્વ અને ચારિત્ર

દ્રવ્યોના મુખ્ય ગુણ. છે. જે ગુણથી સર્વે જાણી શકાય તે જ્ઞાન છે, જેથી સર્વ સામાન્યપણે જોઈ શકાય તે દર્શન છે, જેથી **આત્મા વચનઅગોચર આત્મિક આલ્હાદ પ્રાપ્ત કરી-શકે તે સુખ છે.** જેથી આત્મા પોતાના બળને પ્રકટ કરી શકે તે વીર્ય્ય છે, જેથી શુદ્ધ આત્મા ઉપર પૂર્ણ રૂચિ થાય તે સમ્યક્ત્વ છે અને જેથી આત્મામાં પરમ શુદ્ધ શાંતિ અને વીતરાગતા પેદા થાય તે ચારિત્ર છે. આત્મામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી, એ કારણથી એને અમૂર્તિક કહે છે. એ અમૂર્તપણું આકાશ, ધર્મ, અધર્મ અને કાળમાં પણ હયાત છે, ફક્ત પુદ્‌ગળમાંજ નથી કારણકે તે મૂર્તિક છે.

પુદ્‌ગળના વિશેષ ગુણો સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ છે. આકાશનો વિશેષ ગુણ સર્વેને અવગાહન (સ્થાન) આપવાનો છે. જેમ માછલીના ચાલવામાં પાણી સહકારી કારણ છે તેમ પોતાની મેળે ચાલતા જીવ અને પુદ્‌ગળના ગમનમાં ઉદાસીન રીતે સહકારી કારણ થવું તે ધર્મદ્રવ્ય-નો વિશેષ ગુણ છે. પોતાની મેળે ચાલતા જીવ અને પુદ્‌ગળોને સ્થિર થવામાં જે ઉદાસીન સહકારી કારણ છે તે અધર્મ દ્રવ્યનો વિશેષ ગુણ છે અને કાળનું સર્વે દ્રવ્યોના વર્તનમાં યાને પરિણમનમાં અથવા એક અવસ્થાથી બીજી અવસ્થા રૂપે થવામાં ઉદાસીન સહકારી કારણ-પણું છે. એ છમાં માત્ર જીવ અને પુદ્‌ગળજ ક્રિયાવાન છે. ફક્ત આ બે ચાલેછે, ફરેછે, હરકત કરેછે અને અનેક કામ કરે છે. એ બંન્નેના સંબંધનું નામ આ જગતરૂપી નાટકશાળા છે. બાકીનાં ચાર દ્રવ્યો માત્ર એને સહકારી (મદદરૂપ) છે અને પોતે સ્થિર છે.

સંસારી જીવ અશુદ્ધ છે. (૯) જગતમાં જેટલા સંસારી પ્રાણી છે તે શુદ્ધ, મુક્ત અને પોતાના અસલ સ્વભાવમાં નહિં હોવાથી અશુદ્ધ છે અર્થાત્ પુદ્ગળની સાથે એકમેક થઇ રહ્યા છે. જડ અને આત્માનો સંબંધજ આપણા સર્વેના સંસારી આત્માઓ છે. એ સંબંધના કારણથી આત્મા પોતાના સ્વાભાવિક વિશેષ ગુણોને નહીં ભોગવીને આ જગતમાં અજ્ઞાની, અશાંત અને દુઃખી થઇ રહ્યા છે.

સંસારી જીવોના ભેદોનું સ્વરૂપ. (૧૦) સંસારી જીવ બે પ્રકારના છે—એક સ્થાવર અને બીજા ત્રસ. જેને માત્ર એક સ્પર્શ ઇંદ્રિય હોય છે અર્થાત્ સ્પર્શ માત્રથી ગરમ ઠંડું, નરમ, સખત, લુખું, ચીકણું, હલકું ભારીનો અનુભવ કરે છે અને જેમાં શરીર કાયમ રાખવાને માટે આયુ (ઉમર), સ્પર્શન ઇન્દ્રિ, કાયબળ, અને શ્વાસોસ્વાસ એ ચાર પ્રાણ હોય છે તેને **સ્થાવર** કહે છે, તે પાંચ પ્રકારના છે—પૃથ્વીકાયિક (minerals), જલકાયિક (watery souls), અગ્નિકાયિક (firy souls), વાયુકાયિક (gasic) અને વનસ્પતિ (vegetables).

જેને બે ઇન્દ્રિથી પાંચ ઇન્દ્રિ સુધી હોય છે તેને **ત્રસ** કહે છે. એના પાંચ પ્રકાર છે—બે ઇન્દ્રિ જીવને સ્પર્શન ઇન્દ્રિ, રસના ઇન્દ્રિ (બોલવાની શક્તિ યાને જીભ) અને આયુ, શ્વાસોચ્છ્વાસ, બે ઇન્દ્રિ અને કાય તથા વચનબળ મળી છ પ્રાણ હોય છે. જેમકે શંખ, પોરા અળસીયા, ચેળ વગેરે. ત્રણ ઇન્દ્રિ જીવ અને સ્પર્શન, રસના અને ઘ્રાણ (નાક) ઇન્દ્રીઓ અને ઉપરના છ પ્રાણોમાં નાક ઇન્દ્રિ મળીને ૭ પ્રાણ હોય છે જેમકે કીડી, કુંથવા, વીંછી, જૂ વગેરે. ચાર ઇન્દ્રિ જીવ જેને

સ્પર્શન, રસના, ઘ્રાણ અને ચક્ષુ (આંખ) ઇન્દ્રિઓ તથા ચક્ષુ સાથે ૮ પ્રાણ હોય છે જેમકે—ભ્રમરા, મચ્છર, ડાંસ, માખી વગેરે. પંચેંદ્રિ અસેની (મન વગરના) જેને કર્ણ (કાન) ઇન્દ્રિ મળીને પાંચ ઇન્દ્રિઓ તથા કર્ણ ઇન્દ્રિ સહિત ૯ પ્રાણ હોય છે. જેમકે પાણીના કોઇ કોઈ જાતના સર્પ, કોઇ કોઇ જાતના જંગલી પોપટો તથા ઉંદરો. પંચેંદ્રિ સેની (મનવાળા) જેને પાંચે ઇન્દ્રિઓની સાથે મન પણ હોય છે અને મન બળ સહિત ૧૦ પ્રાણ હોય છે જેમકે ઘોડા, ગાય, મરઘા કબુતર, મોર, ઉંદર, બિલાડી, સિંહ, મગરમચ્છ, માછલી, મનુષ્ય, દેવ અને નારકી. મન પણ ઇન્દ્રિની માફક એક આકારવાળી ઇન્દ્રી છે જે હૃદયસ્થાનમાં ઘણીજ સૂક્ષ્મ હોય છે. જેને મન હોય છે તેજ શીખી શકે છે, ઇસારામાં સમજી શકે છે અને મનુષ્યની માફક વિચાર કરી શકે છે. આ સંસારી જીવોની ગતિ પ્રમાણે વિભાગ કરવાથી દેવ દેવગતિમાં, નારકી નરકગતિમાં, મનુષ્ય મનુષ્યગતિમાં અને બાકી સર્વે એકેન્દ્રિ વગેરે પશુ પક્ષી તિર્યંચ ગતિમાં હોય છે.

(૧૧) **મનુષ્ય ત્રણ શરીરોનો ધારક છે.** સર્વે મનુષ્ય અને તિર્યંચગતિવાળાના આત્માની સાથે જે ઉપર બતાવેલા શરીર હોય છે અર્થાત જે ગર્ભથી અને આમતેમનાં પદાર્થોના મળવાથી યાને સન્મૂર્છન રૂપથી બને છે તેને **ઔદારિક શરીર** કહે છે. એની ઉત્પત્તિનું નામ **જન્મ** છે અને છુટવાનું નામ **મરણ** છે. એ સિવાય બે સૂક્ષ્મ શરીર દરેક સંસારી આત્માની સાથે દરેક વખતે જોવામાં આવે છે જેને તૈજસ અને કાર્માણ શરીર કહે છે. એ પણ જડ છે, પરંતુ તૈજસ વર્ગણા (પરમાણુઓનો સમુહ) જાતિના પુદ્‌ગળોથી તૈજસ અને કાર્માણ વર્ગણા જાતિના પુદ્‌ગળોથી

હમેશા કાર્માણુ બન્યા કરે છે અને તેની જુની વર્ગણાઓ છૂટતી પણ જાય છે. એ વખતે આપણી પાસે બે સુક્ષ્મ અને એક સ્થૂળ એમ ત્રણ શરીર હોય છે. જેથી શરીરમાં કંઇ તેજ હોય યાને વિજળીની શક્તિ હોય, તેને તૈજસ શરીર (electric body), જે પાપ અને પુણ્યવાળા ભાવોના નિમિત્તથી પાપ અને પુણ્યકર્મરૂપ બને અને જે **સાંસારિક** દુઃખ કે સુખ પ્રકટ કરવામાં નિમિત્તરૂપ થયા કરે, તેને **કાર્માણ શરીર** કહે છે. એ બન્નેનો સંબંધ દરેક સંસારી જીવની સાથે પરંપરા અથવા સંતાન (continuation) ની અપેક્ષાએ અનાદિકાળ (infinite time) થી છે, પરંતુ નવા પુદ્ગળો મળવાથી અને જુના છુટવાની અપેક્ષાએ સાદિ કાળ (from some limited time) થી છે. જેમ બીયાં અને વૃક્ષની પરીપાટીની અપેક્ષાએ અનાદિ અને દરેક બીયાંનો દરેક વૃક્ષની સાથે સાદિ સંબંધ છે.

એ બીયાંથી આ વૃક્ષ થયું, એથી એ વૃક્ષની ઉત્પત્તિ બીયાંથી છે, પણ બીયું કંઇ ઓચીંતું થયું નથી, પણ એક વૃક્ષમાંથી થયું અને તેજ ફરી કોઇ બીયાથી ઉત્પન્ન થયું, એ પ્રમાણે પરંપરાની અપેક્ષાએ અનાદિ છે.

(૧૨) આ કાર્માણુ શરીર મુખ્યત્વે કરીને આઠ પ્રકારની કાર્માણુ વર્ગણાઓથી બન્યા કરે છે, જેનાં નામ અને અર્થ નીચે મુજબ છે-

कार्मोण शरीरनुं स्वरूप.

૧. જ્ઞાનાવરણીય કર્મવર્ગણા–જે આત્માના જ્ઞાનગુણને ઢાંકે અથવા પ્રકટ ન થવા દે.

૨. દર્શનાવરણીય કર્મવર્ગણા–જે આત્માના દર્શનગુણને ઢાંકે યાને પ્રકટ ન થવા દે.

૩. વેદનીય કર્મવર્ગણા—જે આત્માને સાતા (સુખ) અને અ-સાતા (દુઃખ) નો અનુભવ કરાવે.

૪. મોહનીય કર્મવર્ગણા—જે આત્માના સમ્યકત્વ ગુણને વિપરીત બનાવે તેને દર્શન મોહનીય અને ચારિત્ર ગુણને વિપરીત બનાવે તેને ચારિત્રમોહનીય કહે છે.

૫. આયુ કર્મવર્ગણા—જે આત્માને કોઇ ખાસ સ્થૂળ શરીરમાં કાયમ રાખે.

૬. નામ કર્મવર્ગણા—જે આત્માની સાથે શરીરનો સંબંધ કરાવે અને અંગોપાંગ સુંદર, અસુંદર, ઢીલા, મજબૂત વગેરે બનાવે.

૭. ગોત્ર કર્મવર્ગણા—જે આત્માને લોકપૂજિત અને લોકનિંદ્ય કુળમાં જન્મ કરાવે.

૮. અંતરાય કર્મવર્ગણા—જે આત્માના વીર્યગુણને ઘટાડે અને પ્રગટ ન થવા દે.

આમાંથી જે આત્માના અસાધારણ ગુણોનો ઘાત કરે તેને જ્ઞાનાવરણીય, મોહનીય અને અંતરાય એ ઘાતિયા કર્મવર્ગણાઓ કહેવાય છે અને બાકીના ચારને અઘાતિયા કર્મવર્ગણાઓ કહે છે. એ મુખ્યત્વે કરીને બહારનો સંબંધ જોડે છે.

જ્યારે એ વર્ગણાઓ આત્માની સાથે બંધાય છે ત્યારે એનેજ **કર્મ નામથી** અથવા **દ્રવ્યકર્મના** નામથી ઓળખવામાં આવે છે.

(૧૩) એ કાર્માણ વર્ગણાના સંબંધથીજ સંસારી આત્મા (જીવો) અશુદ્ધ છે. એનો સંબંધ અશુદ્ધ આત્માજ હોય છે. અશુદ્ધ આત્મા પોતાના યોગ અને કષાયોના નિમિત્તથી કાર્માણવર્ગણાઓને આકર્ષણ કરે છે અને તે સાથે બંધાઇ જાય છે.

कार्माण शरीर केवी रीते बने छे?

આત્મામાં એક યોગ શક્તિ છે, જેનું કામ કાર્માણવર્ગણાઓને ખેંચવાનું છે. પૂર્વે બાંધેલાં નામ કર્મના નિમિત્તથી તે યોગ શક્તિ પરિણમન કરે છે. જ્યારે મન, વચન, કાયા એ ત્રણ અથવા બે અથવા કોઇ એક જરા પણ હલનચલન કરે છે યાને પરિણમન કરે છે તો આત્માના પ્રદેશ કંપે છે અથવા યોગશક્તિનું પરિણમન થાય છે. એ સમયે જે પ્રકારના ભાવ થાય છે તેજ પ્રમાણે કાર્માણ વર્ગણાઓ આવે છે. એ કાર્માણ વર્ગણાઓને આવવાને **આશ્રવ** કહે છે. એ આવીને જ્યારે આ આત્મામાં રાગ દ્વેષ અર્થાત્ ક્રોધ, માન, માયા, લોભ વગેરે કોઇ કષાય થાય છે ત્યારે આત્મામાં બંધાય છે. બંધાતી વખતે તે બંધની ૪ દશાઓ થાય છે. જે સ્વભાવવાળી વર્ગણાઓ બંધાય છે. તેને પ્રકૃતિબંધ, જે સંખ્યામાં કાર્માણ વર્ગણાઓ આત્મા સાથે જોડાય છે તેને પ્રદેશબંધ, જેટલા સમય સુધી તે કર્મ આત્મામાં ફળ આપતા બિલકુલ છુટી નહીં જાય અર્થાત્ કર્મોની મર્યાદાને સ્થિતિબંધ અને ફળ આપતાં ભારી અથવા હલકું ફળ આપશે તેને અનુભાગબંધ કહે છે. દરેક સમયે સંસારી કષાય સહિત જીવોને સાત પ્રકારની કર્મવર્ગણાઓ કોઇ થોડી અને કોઇ વધારે પરિણામ પ્રમાણે આવતી રહે છે પણ આયુકર્મની વર્ગણાઓ કોઇ ખાસ અવસરપરજ આવે છે.

કાર્માણ શરીરના બનાવવાવાળા મુખ્ય ભાવ.

(૧૪) ભિન્ન ભિન્ન કર્મોને આવવામાં કેટલાક ભાવ પ્રધાન હોય છે જેને લીધે તે ખાસ કર્મ અધિક આવે છે. જ્ઞાનીઓ તરફ ઇર્ષા કરવી, સાચા જ્ઞાનમાં દોષ મુકવો, જ્ઞાનના સાધનમાં અંતરાય પાડવી, બીજાએ પૂછવા છતાં પણ જ્ઞાન ન આપવું વગેરેથી જ્ઞાનાવરણીય; એ ઉપરના કારણો સિવાય કોઇની ચક્ષુ (આંખ) વગેરે

ઇન્દ્રિઓને બગાડવી અને ઘણી નિદ્રા વગેરેથી દર્શનાવરણીય; પોતાને અને પારકાને દુઃખી, દિલગીર, વધ કરવો, રડવું, રડાવવું વગેરેથી અસાતા વેદનીય; દયા, દાન, ક્ષમા, શૌચ, સરાગ સંયમ વગેરેથી સાતા વેદનીય; સત્યાર્થ દેવ ગુરૂ ધર્મની નિન્દા કરવાથી દર્શનમોહનીય; તિવ્ર કષાયથી ચારિત્રમોહનીય; ઘણા આરંભ અને પરિગ્રહમાં લુબ્ધ થવું, અન્યાય વગેરેથી નર્કઆયુ; માયાચાર વગેરેથી પશુ આયુ; આરંભ પરિગ્રહમાં ઘણું થોડું મન રાખવાથી અથવા સ્વાભાવિક ભાવ કોમળ હોવાથી મનુષ્ય આયુ સરાગસંયમ અને સમ્યગ્દર્શન વગેરેથી દેવ આયુ; મન વચન કાયાની કુટિલતા વગેરેથી અશુભ નામ; એની સરળતાથી શુભ નામ; પારકી નિન્દા અને પોતાની પ્રશંસાથી નીચ ગોત્ર; પોતાની નિન્દા અને પારકાની પ્રશંસાથી ઊંચ ગોત્ર અને દાન લાભ ભોગ વગેરેમાં વિઘ્ન કરવાથી મુખ્યત્વે અંતરાયકર્મનો બંધ થાય છે.

(૧૫) જેમ એક વખતે ખાધેલું ભોજન તેની પ્રકૃતિ અને પરમાણુઓ પ્રમાણે અને તેમાં શક્તિ અનુસાર શરીરમાં રહે છે અને પેટની અગ્નિ (ગરમી) થી પાચન થઇને ધીરે ધીરે શરીર અને ઇન્દ્રિઓમાં પોતાની અસર કરે છે અને પોતાના સ્વભાવથીજ ત્યાં લોહી વગેરે બન્યા કરે છે અને કોઇ ભોજનના પરમાણુ દિવસો સુધી, કોઇના મહીનાઓ સુધી અને કોઇ ઔષધિ (દવા) વર્ષો સુધી શરીરમાં રહીને તેનું ફળ આપ્યા કરે છે, તેજ પ્રમાણે આ આત્મા જે કર્મબંધન કરે છે તે બંધ પોતાની પ્રકૃતિ અથવા સ્વભાવ પ્રમાણે કષાય અગ્નિ દ્વારા પાકીને પોતપોતાના સમયપર જુદા જુદા પ્રકારનાં સુખ અથવા દુઃખરૂપ ફળ પ્રકટ કર્યા કરે છે. જેમ ઉપરના સ્થૂળ શરીરમાં પરમાણુ પોતેજ પોતાનું ફળ આપે છે, તેજ પ્રમાણે

કાર્માણુ શરીરના પરમાણુ એ અશુદ્ધ આત્મામાં પોતે પોતાનું ફળ બતાવેછે. જેમકે એક બાજુએ આપણું શરીર ભોજન કરે છે અને બીજી બાજુએ તેની અસર થાય છે તેજ પ્રમાણે એક તરફ નવા કર્મોનો બંધ થાય છે અને બીજી તરફ પહેલાં બંધાયલાં કર્મો તેનું ફળ આપી છૂટતાં જાય છે. જડ પદાર્થોમાં અનેક વિચિત્ર સ્વભાવ છે.

પરમાત્માનું સ્વરૂપ.

(૧૬) આ પાપ અને પુણ્યરૂપ કર્મોનું ફળ આપવામાં કોઇ બીજા પરમાત્મા અથવા ઇશ્વરની આવશ્યકતા નથી. પરમાત્મા સર્વજ્ઞ, વીતરાગ આનંદમય છે, તે સંસારીક ઝઘડામાં પડતા નથી. જો કદાપિ તે સંસારી જીવોને સુખી કરવાને માટે વચ્ચે પડે તો તે સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોવાના કારણથી જીવના ભાવને શુભ માર્ગ-પર ચઢાવી દે જેથી કોઇ પાપ ન કરે અને સર્વે સુખી થઇ જાય કેમકે તે દયાળુ છે. જેમ દયાળુ ન્યાયી રાજા પોતાની પ્રજામાંથી કોઇના પણ ચોરી લુટ વગેરેના વિચારોનો પત્તો મળવાથી તેનો એવો બંદોબસ્ત કરે છે કે તે ચોરી વગેરે નહીં કરી શકે. એજ પ્રમાણે દયાળુ ન્યાયી પરમાત્માએ પણ કોઇ પાપ થતા પહેલાં તે રોકવાનો પુરો પ્રબંધ કરવો જોઇએ, પણ જગતમાં તો એવી અવસ્થા જોવામાં આવતી નથી. આથી એજ બરાબર છે કે પરમાત્મા જગતના જીવોના કર્મોના ઝઘડાઓમાં પડતા નથી. તે હમેશાં પોતાના સ્વાભાવિક આનંદમાં પ્રફુલ્લિત રહે છે. તે કોઇને ઇચ્છાપૂર્વક બનાવતો નથી તેમ બગાડતો પણ નથી. તે ઇચ્છા રહિત, કૃત્યકૃત્ય અને પરમ યોગીશ્વરો-નો પણ સ્વામી પરમસ્વભાવમાં તલ્લીન છે. સર્વે કર્મોમાં પ્રબળ કર્મ મોહનીય કર્મ છે. એના જોરથી આત્મામાં મિથ્યા રૂચિ, રાગ દ્વેષ

ઉત્પન્ન થાય છે અને એજ ભાવ ખરીરીતે આઠે કર્મોમાં મુખ્યપણે હોય છે અર્થાત્ સ્થિતિ અને અનુભાગબંધ કરે. છે. જો મોહનીય કર્મ નહીં હોય તો કોઈ કર્મ આત્માનો કંઈપણ બિગાડ કરી શકતું નથી.

आत्मा कर्मफलने केवीरीते जीते छे?

(૧૭) જ્યારે મોહનીય કર્મનો અને બીજા કોઈ સહકારી કર્મનો ઘણોજ પ્રબળ વેગ થાય છે ત્યારે આ આત્માનો પુરૂષાર્થ તે વેગને રોકવાને સમર્થ થતો નથી, પણ જ્યારે મોહનીય કર્મ અને અન્ય કર્મનો વેગ મંદ થાય છે ત્યારે આ આત્માનો જ્ઞાન વૈરાગ્ય વગેરે પ્રયત્ન તે વેગને દબાવી દે છે. જેમ નદીના તિવ્ર પ્રવાહમાં તરવાવાળાનું જોર ચાલતું નથી એટલે ઓછું ચાલે છે, પણ મંદ પ્રવાહમાં તેનું જોર એવું ચાલે છે કે જો નદી પૂર્વ તરફ વહેતી હોય તોપણ તેથી ઉલ્ટું પશ્ચિમની તરફ તરી શકે છે

पाप-पुण्य-कर्मने रोकवानो उपाय.

(૧૮) આત્માની અશુદ્ધતાનું કારણ આશ્રવ અને બંધ છે. જેમ મેલાં વસ્ત્રને શુદ્ધ કરવાં હોય તો પ્રથમ તેના ઉપર નવો મેલ ચડવા ન પામે એવો પ્રયત્ન કરે છે, પછી તે મેલ ધોવાને માટે કોઈ મસાલો (સાબુ વગેરે) ચોપડીએ ત્યારે તે શુદ્ધ થાય છે એજ પ્રમાણે આત્માના આશ્રવભાવોને રોકવાને માટે કર્મને સંવર કરવાની અર્થાત્ રોકવાની જરૂર છે અને આત્માનો મેલ દૂર કરવાને માટે ભેદવિજ્ઞાન રૂપી મસાલાની જરૂર છે, એના કારણથી કર્મબંધ ધીમે ધીમે તૂટના તૂટતા તથા દૂર થતા નિર્જરાને પ્રાપ્ત થાય છે.

मुख्य भाव.

૧૯ કર્મના આવવામાં મુખ્ય ભાવ:— મિથ્યા રૂચિ અને જુઠું શ્રદ્ધાન; સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર અને મનની ઇન્દ્રિયોને વશમાં ન રાખવી; પૃથ્વી જળ, વાયુ અને વનસ્પતિ તથા બે ઇન્દ્રી વગેરે ત્રસ કાયના જીવોની હિંસા; ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાય અને મન વચન કાયની ક્રિયા છે. એને રોકવાનો ઉપાય અનુક્રમે સમ્યગ્ દર્શન અને પ્રયોજનભૂત પદાર્થોનું સાચું શ્રદ્ધાન, પાંચ ઇંદ્રિયો અને મનને વશમાં રાખવાં; છ કાયના જીવોની હિંસા નહીં કરવી, ક્રોધ વગેરે કષાયોને વશ કરવા અને મન વચન કાયાનું નિશ્ચલપણું એ છે.

कर्मोंने आत्माथी छूटवानो उपाय.

(૨૦) પૂર્વે બાંધેલાં કર્મો ભેદવિજ્ઞાનદ્વારા ધ્યાન તપ વીગેરે કરવાથી ફળ આપ્યા વગર પણ છૂટી જાય છે અર્થાત્ નિર્જરાને પામે છે. આત્મા અને બંધના સ્વભાવોનો નિશ્ચય રૂપે જુદોજુદો અનુભવ કરવો તે ભેદ વિજ્ઞાન છે. આ આત્મા પોતાની શુદ્ધ દશામાં શુદ્ધ જ્ઞાન, દર્શન, વીતરાગપણું, પરમ શાંતિ તથા આનંદનું સ્થાન છે. કર્મબંધ અને રાગદ્વેષાદિ ભાવ જુદા છે, એવું જાણીને શુદ્ધ સ્વરૂપના અનુભવમાં તલ્લીન થવું તે ધ્યાન છે. એ ધ્યાનથી ધીમેધીમે કર્મ છુટી જાય છે અને આ આત્મા શુદ્ધ થતો થતો મોક્ષલાભ પામે છે અર્થાત્ કર્મમાંથી મુકત થઇ શુદ્ધ દશા પ્રાપ્ત કરે છે.

आत्मा जीवनमुक्त परमात्मा केषी रीते थाय છે?

(૨૧) ધ્યાનના બળથી પ્રથમ મોહનીય કર્મનો નાશ થાય છે, પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો નાશ કરાય છે એ ચારે ઘાતિયા કર્મોનો નાશઃ થવાથી અનંત જ્ઞાન—અનંત દર્શન-અનંત સુખ—અનંત વીર્ય પરમ ગાઢ સમ્યક્ત્વ અને શુદ્ધ યથાખ્યાત ચારિત્રનો લાભ થાય છે. એ સમયે આત્માને અર્હત્ (પૂજા કરવા યોગ્ય) અને જીવન-મુક્ત પરમાત્મા, સર્વજ્ઞ, વીતરાગ અને હિતોપદેશી કહે છે. એ સમયે અર્હત્ જ્યાં સુધી સ્થૂળ શરીરમાં રહે છે ત્યાં સુધી તેની ધર્મામૃત વાણી ખરે છે અને અનેક દેશોમાં વિહાર થાય છે. આ હાલના ભારતના આર્યખંડમાં પણ આ કલ્પકાળના ભાગમાં એવા ચોવીસ અર્હત્-તીર્થંકર—મુખ્ય ધર્મ પ્રચારક એક બીજાથી ઘણે કાળે થયા છે જેનાં નામો નીચે મુજબ છે—

	નામ	ચિહ્ન		
૧	શ્રી રૂષભદેવ	બળદ	ક્ષત્રી રાજા	અયોધ્યા રાજધાની
૨	,, અજીતનાથ	હાથી	,,	,,
૩	,, સંભવનાથ	ઘોડો	,,	શ્રાવસ્તી અને સહેઠ—મહેઠ રાજધાની.
૪	,, અભિનંદનનાથ	વાંદરો		અયોધ્યા રાજધાની
૫	,, સુમતિનાથ	ચકવો	,,	,, ,,
૬	,, પદ્મપ્રભુ	કમળ	,,	કાશંબી ,,
૭	,, સુપાર્શ્વનાથ	સાથિઓ	,,	બનારસ ,,
૮	,, ચંદ્રપ્રભ	ચંદ્રમા	,,	ચંદ્રપુરી ,,
૯	,, પુષ્પદંત	મગર	,,	કિષ્કિંધાપુર (કેકંદ્રી) રાજધાની (ગોરખપુર પાસે)
૧૦	,, શીતલનાથ	વૃક્ષ	,,	ભદ્દલપુર રાજધાની

૧૧	,, શ્રેયાંસનાથ	ગેંડો	,,	સિંહપુરી રાજધાની (બનારસની પાંસે)
૧૨	,, વાસપૂજ્ય	ભેંસ	,,	બાલબ્રહ્મચારી (ચંપાપુર પાસે)
૧૩	,, વિમલનાથ	ભૂંડ	,,	કંપીલાનગરી રાજધાની (ફરૂખાબાદની પાસે)
૧૪	,, અનંતનાથ	સાહુડી	,,	અયોધ્યા રાજધાની
૧૫	,, ધર્મનાથ	વજ્ર	,,	રત્નપુરી રાજધાની (અયોધ્યાની પાસે)
૧૬	,, શાંતિનાથ	હરણ	,,	હસ્તીનાપુર રાજધાની
૧૭	,, કુંથુનાથ	બકરો	,,	હસ્તીનાપુર રાજધાની
૧૮	,, અરહનાથ	મચ્છ	,,	
૧૯	,, મલ્લિનાથ	કળશ	,,	બાલબ્રહ્મચારી મિથુ-લાપુરી રાજધાની
૨૦	,, મુનિસુવ્રતનાથ	કાચબો	.,	રાજગ્રહી (વિહાર) રાજધાની
૨૧	,, નમિનાથ	કમલની પાંખડીઓ		મિથિલાપુરી રાજધાની
૨૨	,, નેમિનાથ	શંખ		બાલબ્રહ્મચારી દ્વારકા અથવા સોરીપુર રાજધાની.
૨૩	,, પાર્શ્વનાથ	નાગ		બાલબ્રહ્મચારી બનારસ રાજધાની
૨૪	,, મહાવીર(વર્દ્ધમાન)	સિંહ		ક્ષત્રી બાળબ્રહ્મચારી કુંડલપુર (વિહાર) રાજધાની

એ સિવાય એજ તીર્થંકરોના સમયમાં અને એ સમયના વચમાં ઘણા અન્ય મહાત્મા જીવનમુક્ત પરમાત્મા થયા, જેવા કે ભરત, સગર અથવા સનત્કુમાર ચક્રવર્તી, રામચંદ્ર, હનુમાન, સુગ્રીવ, કુંભકરણ, મેઘ-નાથ, યુધિષ્ઠિર, ગૌતમ, ભીમ, અર્જુન, સુધર્મ, જંબુસ્વામી, સુદર્શનશેઠ વગેરે.

शरीर रहित परमात्मा केवी रीते थाय छे?

(૨૨) તેજ અર્હંત્ આયુષ્યના અંતમાં બાકીના ૪ અઘાતિયા કર્મોનો નાશ કરીને ત્રણે શરીરથી રહિત શુદ્ધ મુક્ત થઇને છેવટના આકારથી સહજ ઓછો થઇને પોતાના ચૈતન્ય સ્વરૂપને રાખીને શુદ્ધ આત્મિક અતીન્દ્રિય આનંદનો સદાકાળ (હમેશા) અનુભવ કરે છે. તે આ લોકની ઉપર તનુવાતવલય નામની હવાના સ્થાનમાં વિરાજમાન રહે છે. એને શરીર રહિત પરમાત્મા, શુદ્ધાત્મા, પવિત્રાત્મા, ઇશ્વર, મુક્તાત્મા તથા સાધ્યની સિદ્ધિ કરી લેવાના કારણથી સિદ્ધ કહે છે. આજથી ૨૪૪૨ વર્ષ પહેલાં શ્રી વર્દ્ધમાનસ્વામી (મહાવીરસ્વામી) અને તેમના અગાઉ ૨૫૦ વર્ષ પહેલાં શ્રીપાર્શ્વનાથસ્વામી મોક્ષે ગયા.

एक साधारण ग्रहस्थने पण परमात्मा प्रमाणे सुख मळवानो उपाय.

(૨૩) અર્હંત્ અને સિદ્ધ અવસ્થામાં પૂર્ણ શાંતિ અને આનંદનો લાભ થાય છે, પરંતુ એ પ્રમાણેનું સુખ અને શાંતિ લાભ જ્યારે આ આત્માને પોતાના સ્વરૂપનો પાકો નિશ્ચય થાય છે ત્યારેજ થવા માંડે છે અને એ વાત પોતાના અનુભવથી પોતાનામાં એવી રીતે દૃઢ કરે છે કે **સુખ અને શાંતિ મારા આત્માનો સ્વભાવ** છે. અનાદિ કાળના મોહનીય વગેરે કર્મોના સંબંધના પ્રવાહથી જો કે તે મને પ્રકટ નથી, તોપણ જેવો હું પોતાની બુદ્ધિથી પરવસ્તુ ઉપરનો રાગ દૂર કરૂં છું અને પોતાના સ્વરૂપના વિચારમાં પોતાનો ઉપયોગ લઇ જાઉં છું, તે સમયે મને પોતાના આનંદમય સ્વભાવનો દૃઢ અનુભવ થાય છે, આત્મિક રસ ઝળકે છે, પરમ સુખ અને શાંતિનો લાભ થાય છે.

એવી અવસ્થાને શ્રદ્ધાળુ–સમ્યક્તાની અવસ્થા કહે છે. એ સમ્યક્ત ભાવ જ્યાં સુધી આત્મામાં પ્રગટ રહે છે ત્યાં સુધી તે પદાર્થના સાચા સ્વભાવને જાણી, આત્મરૂચિ રાખી જ્યારે પોતાનું મન પરવસ્તુ ઉપરથી હઠાવીને પોતાના વિચારમાં લગાવે ત્યારેજ તે સુખ અને શાંતિનો લાભ કરી લે. એક સાધારણ ગ્રહસ્થ જે કુટુંબી છે, બહુ ધંધાધારી છે, તે જ્યારે આવી રૂચિને પોતાના મનમાં લાવે છે ત્યારે તેના આત્માને સુખનો લાભ મળે છે અને તે બાહ્ય સંજોગોથી ગભરાતો નથી, દુઃખી થતો નથી તેમજ અહંકાર પણ કરતો નથી. એ રૂચિને ધારણ કરનારને જઘન્ય અંતરાત્મા અથવા જઘન્ય મહાત્મા કહે છે. એનાથી બાહ્ય સંયમનું પાલન થતું નથી તેથી તે આત્મિક સુખનો લાભ કોઇ કોઇ વખતેજ કરી શકે છે અને તે પણ ઘણાજ થોડા સમયને માટે, પરંતુ એ શ્રદ્ધાનો મહિમા એવો છે કે એ શક્તિની અપેક્ષાએ સર્વે આત્માને સમાન સમજે છે, જેથી વગર કારણે અને અન્યાયથી કોઇને દુઃખ દેવા ઇચ્છતો નથી. જો દેશનો રાજા હોય છે તો અન્યાયથી બચવા અને ધર્મ તથા પ્રજાની રક્ષાને માટે યુદ્ધ પણ કરે છે, તોપણ માત્ર શત્રુને વશ રાખવાનું પ્રયોજન ધ્યાનમાં રાખીને તેના આત્માનું પણ ભલુંજ વિચારે છે; વ્યાપાર, શિલ્પ અને સેવા વગેરે કોઇપણ કાર્યમાં અન્યાય કરવાની રૂચિ દૂર કરી દે છે; ન્યાયથી વર્તન કરવા છતાં પોતે પણ સુખ અને શાંતિ ઇચ્છે છે તથા બીજાને પણ સુખ-શાંતિ મળે એવી ઇચ્છા કરે છે. દરેક દેશવાસી, દરેક જાતિવાળા, નીચ, ઉંચ સર્વે મનુષ્યો અને તે એટલે સુધી કે પશુ પક્ષી પણ એવી રૂચિ રાખીને આત્મસુખનો લાભ મેળવી શકે છે.

મહાત્માઓનું સ્વરૂપ.

(૨૪) એવા અંતરાત્મા યાને મહાત્મા ઉત્કૃષ્ટ—સર્વેથી શ્રેષ્ઠ છે. જે અંતરાત્મા અર્હંત અવસ્થાના કરતાં કંઇક કમી દરજ્જામાં છે અને જેણે મોહનીય કર્મનો બિલ્કુલ નાશ કરીદીધો છે તથા તે ઘણીજ ત્વરાએ (ઘડીવારમાં) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાયનો નાશ કરીને અર્હત્ થશે. મધ્યમ આની નીચેના મહાત્મા હોય છે, જે બે પ્રકારના હોય છે—એક પૂર્ણ નિર્વૃત્તિ યાને સાધુ અથવા મુનિ; બીજા એકદેશનિર્વૃત્તિ જે ધીમે ધીમે નિર્વૃત્તિનો અભ્યાસ કરવાવાળા છે અને જેને એક દેશવ્રતી, ગૃહસ્થધર્મી અને શ્રાવક કહેછે અને જેને એ સર્વે મહાત્મા બહારના સંયમને ધીમે ધીમે હર્ષપૂર્વક (અંતરંગમાં) સુખ અને શાંતિની વૃદ્ધિને માટે વધારતા ચાલ્યા જાય છે.

નિર્વૃત્તિનો ઉપાય.

(૨૫) એકદેશ નિર્વૃત્તિવાળો પ્રથમ સ્થૂળ રૂપે ૮ મૂલગુણોનો અભ્યાસ કરે છે અર્થાત્ દારૂ, માંસ, મધ, ખાતા નથી તથા જીવહિંસા, જુઠું, ચોરી, કુશીલ અને ધન ધાન્યાદિ પરિગ્રહની અતિ તૃષ્ણા એ પાંચ પાપોનો એવી રીતે ત્યાગ કરેછે કે જેથી અન્યાય ન થાય. શિકાર કરવો, જુગાર ખેલવો, લુંટ, રંડીબાજી કરવી, પરસ્ત્રી ઉપર અભિલાષા વગેરે પાપથી બચે છે અને પોતાની રૂચિની દૃઢતા માટે મોક્ષપ્રાપ્ત મહાત્મા અને પરમાત્માની ભક્તિ, પૂજા તેની ધ્યાનાકાર મૂર્તિદ્વારા કરે છે, મહાત્માઓની ઉપાસના કરે છે, પવિત્ર શાસ્ત્રો રોજ વાંચે છે, મન ઇંદ્રિયને વશ કરવા માટે સંયમનો અભ્યાસ કરે છે, પ્રાતઃકાળ (સવારે) અને સાયંકાળ (સાંજે) એકાંતમાં બેસીને પરમાત્મા અને પોતાના શુદ્ધાત્માના ગુણોનો અનુભવ કરે છે અને દરરોજ

આહાર (ભોજન), ઔષધિ (દવા), અભય (પ્રાણ રક્ષણ) અને વિદ્યા-દાનનો અભ્યાસ કરે છે. એ પછી ગૃહસ્થોની ૧૧ શ્રેણિઓ (પ્રતિમાઓ) છે તેમાં ચઢતાં ચઢતાં એકેકના વ્રતોને પાળે છે. એ ૧૧ પ્રતિમાઓનું સ્વરૂપ નીચે મુજબ છેઃ—

પહેલી દર્શન પ્રતિમા—સમ્યકતના ૨૫ દોષોને બચાવે છે જે ૨૫ દોષ આ છે—૧ શંકા કરવી, ૨ ભોગોની ઇચ્છા, ૩ ઘૃણા કરવી, ૪ મૂર્ખપણાથા ધર્મસેવા કરવી, ૫ ધર્માત્માના દોષ પ્રકટ કરવા અને પોતાના દોષ છુપાવવા, ૬ કુમાર્ગમાં પડતાને બચાવવા નહિ, ૭ ધર્માત્માઓ સાથે પ્રીતિ નહીં રાખવી, ૮ પવિત્ર ધર્માત્માની પ્રભાવના નહીં કરવી, ૯ જાતિ મદ, ૧૦ કુળ મદ, ૧૧ લાભ મદ, ૧૨ રૂપ મદ, ૧૩ બળ મદ, ૧૪ વિદ્યા મદ, ૧૫ તપ મદ, ૧૬ અધિકાર મદ, ૧૭ લોક મૂઢતા માનવી, ૧૮ ગુરૂ મૂઢતા માનવી, ૧૯ દેવ મૂઢતા માનવી, ૨૦ મિથ્યા દેવ સંગતિ, ૨૧ મિથ્યા ગુરૂ સંગતિ, ૨૨ મિથ્યા ધર્મ સંગતિ, ૨૩ મિથ્યા દેવના ભક્તોની મિત્રતા, ૨૪ મિથ્યા ગુરૂના ભક્તોની મિત્રતા, ૨૫ મિથ્યા ધર્મના ભક્તોની મિત્રતા છે. એ સિવાય મદિરા (દારૂ), માંસ અને મધુ (મધ) ના દોષોથી બચી તથા જીવહિંસા વગેરે પાંચ પાપોથી પણ વધુ બચવાનો અભ્યાસ કરે છે.

બીજી વ્રતપ્રતિમા-સંકલ્પ (ઇરાદો) કરીને ત્રસ હિંસા કરવી નહીં તથા આરંભ વ્યાપાર વગેરેમાં યથાશક્તિ પ્રયત્ન કરવો તે અહિંસાણુવ્રત છે. સત્ય ભાષણ, પારકાને દુઃખદાયક મર્મભેદક વચન કહેવાં નહિ તે સત્ય અણુવ્રત છે. પડેલી, ભૂલી ગયેલી કે રાખેલી બીજાની વસ્તુ લેવી નહીં તે અસ્તેય અર્થાત્ અચૌર્ય અણુવ્રત છે.

પોતાની પરણીઅત સ્ત્રીમાં સંતોષ રાખવો તે બ્રહ્મચર્ય અણુવ્રત છે. જીંદગી સુધી પોતાની મિલ્કતની મર્યાદા કરવી (કે આટલી મિલ્કતની વધુ રાખીશ નહીં) તેને પરિગ્રહત્યાગ અણુવ્રત કહે છે. આ પાંચે અણુવ્રતોના ૨૫ દોષો બચાવીને તેને પાળે છે. જેમકે વધુ ભાર લાવવો, ખોટી શાક્ષી પુરવી, ચોરીનો માલ ખરીદ કરવો, ખરા માલમાં ખોટો માલ મેળવીને વેચવો, ખરાબ સ્ત્રીયોની સંગતિ કરવી, બીજા અંગો સાથે કામક્રીડા કરવી વગેરે તથા સાત પ્રકારનું શીલ પણ પાળે છે. એ સાત શીલ નીચે મુજબ છે—

૧ દિગ્વ્રત—સંસારિક કાર્ય માટે आजन्म દશે દિશાઓમાં જવા આવવાની મર્યાદા કરવી.

૨. દેશવ્રત—એ હદની અંદર રોજ ઓછું ઓછું કરતા રહેવું.

૩. અનર્થદંડવ્રત—વગર કારણે પાપનો ઉપદેશ, હિંસાની વસ્તુનું દાન, અપધ્યાન (કુધ્યાન), કલ્પિત નાટકો વગેરે વાંચવા, પ્રમાદ (આળસ) થી ઝાડની ડાળીઓ તોડવી વગેરે ક્રિયા ન કરવી તે.

૪. સામાયિક—હંમેશાં બે અથવા ત્રણ વખત સમતા ભાવ માટે સામાયિક અને સંધ્યા કરવી ત્યારે પોતાના આત્માનો અનુભવ કરવો.

૫. પ્રોષધોપવાસ—મહીનામાં ચાર દિવસ દરેક અષ્ટમી (આઠમ અને ચતુર્દશી (ચૌદસ) એ આરંભ રહિત ધર્મધ્યાનમાં ચિત્ત લગાડવું અને તે દિને એક વખત ભોજન કરવું અથવા તો ઉપવાસ કરવો.

૬. ભોગોપભોગ પરિમાણ—દરરોજ ચોવીસે કલાક પાંચે ઇંદ્રિયોના ભોગોનું પ્રમાણ કરવું અને તેથી વધારે કામમાં લેવું નહિં.

૭. **અતથિસંવિભાગ દાન**—દરરોજ દાન કરીને ભોજન કરવું. આ સાત શીલોના દરેકના પાંચપાંચ અતિચાર (દોષ) પણ છે જેમકે ખોટો લવારો, મર્યાદા, બહારથી માલ મંગાવવો, સામાયિકમાં અનાદર, ઉપવાસમાં અનાદર, અનાદરથી દાન વગેરે.

ત્રીજી સામાયિક પ્રતિમા—એમાં નિયમિત રીતે ત્રણ વખત (સવારે, બપોરે અને સાંજે) ૪૮ મિનિટ અથવા તેથી કંઇ અંતર્મુહૂર્ત વખત સુધી સામાયિક અવશ્ય કરવું.

ચોથી પ્રોષધોપવાસ પ્રતિમા—દરેક આઠેમ અને ચૌદશે નિયમપૂર્વક ૪૮ કલાક, ૩૬ કલાક કે ૨૪ કલાકનો ઉપવાસ કરવો અને ૪૮ કલાક ધર્મધ્યાનમાં રહીને તે દિવસે એકભુક્ત (**એકાસણું**) પણ કરી શકાય.

પાંચમી સચિત્તત્યાગ પ્રતિમા—જીવજંતુવાળું પાણી, કાચું શાક વગેરે ખાવું નહિ. અચિત્ત અને પ્રાસુક ગરમ પાણી, શાક અને પાકાં ફળોનો માવો (ગર) વગેરે ખાવો.

છઠ્ઠી રાત્રિભોજનત્યાગ પ્રતિમા—રાત્રે પોતે ભોજન પણ લેતો નથી તેમ બીજાને પણ આપતો નથી.

સાતમી બ્રહ્મચર્ય પ્રતિમા—પોતાની સ્ત્રીનો ભોગ પણ છોડીને બ્રહ્મચારી થઇ જાય છે.

આઠમી આરંભત્યાગ પ્રતિમા—વ્યાપાર વગેરે ઘરનો પરિગ્રહ જેવોકે પાણી લાવવું, રોટલી બનાવવી વગેરેનો ત્યાગ કરે છે અને પુત્ર અથવા તો બીજું કોઇ ભક્તિથી બોલાવીને આહાર-પાણી આપે, તો તે લે છે.

નવમી પરિગ્રહત્યાગ પ્રતિમા-ધન વગેરે મિલ્કતના ભાગ કરી દે છે અને જે દાનમાં આપવાનું હોય છે તે દાનમાં આપી દે છે. માત્ર કંઇક કપડાં અને બે ત્રણ વાસણજ રાખે છે.

દશમી અનુમતીત્યાગ પ્રતિમા–વ્યવહારિક કાર્યોમાં સલાહ આપવાનો ત્યાગ કરે છે.

અગ્યારમી ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા–ભિક્ષાવૃત્તિથી ભોજન કરે છે. એના બે ભેદ [પ્રકાર) છે. પહેલા **ક્ષુલ્લક** જે એક લંગોટી (કોપીન), એક ખંડ વસ્ત્ર (પૂરું શરીર ઢંકાઇ ન રહે તેવું), ભોજન માટે એક પાત્ર (વાસણ), જીવરક્ષા માટે એક મોરપીંછીકા અને શૌચ (દસ્ત) વગેરે જવાને પાણી માટે એક કમંડળ રાખે છે. બીજા **ઐલક** જે માત્ર લંગોટી રાખે છે, હાથમાંજ (કરપાત્રમાંજ) ભોજન કરે છે અને પોતાના વાળ પોતાને હાથેજ ઉખેડે છે.

આગળની પ્રતિમાધારી પાછલી બધી પ્રતિમાનાં વ્રતો દ્રઢતાથી પાળે છે.

(૨૬) સર્વદેશનિર્વૃતિવાળાને સાધુ કહે છે તે નીચેના ૧૩ **પ્રકારના ચારિત્રને પાળે છે.**

૧. અહિંસા મહાવ્રત–સ્થાવર અને ત્રસ કોઇ પણ જીવની હિંસા કરવી નહીં. ૨. સત્ય મહાવ્રત–પૂર્ણપણે સત્ય બોલવું અને અહિતકારક વચન બોલવાં નહીં. ૩. અચૌર્ય મહાવ્રત–ચોરી બિલકુલ કરવી નહીં તે એટલે સુધી કે વગર આપેલું એવું નદીનું પાણી તેમ વૃક્ષફળ વગેરે પણ લેવાં નહીં. ૪. બ્રહ્મચર્ય મહાવ્રત–પૂર્ણપણે શીલવ્રત પાળવું. ૫. પરિગ્રહત્યાગ–વસ્ત્રાદિ સર્વે પરિગ્રહ છોડી દેવો અને પરમહંસ યાને બાળકની માફક નિર્વિકારપણે રહેવું. ૬. ઇર્યાસિમિતિ–ચારહાથ જમીન આગળ જોઇને દિવસે પગે (પાયદળ) ચાલવું. ૭. ભાષાસમિતિ–ઘણા થોડા (પ્રમાણિક) શબ્દોમાં વચન કહેવાં. ૮. એષણા સમિતિ–શુદ્ધ ભોજન જે શ્રાવકે પોતાના કુટુંબ માટે બનાવેલું હોય તેમાંથી ઘણુંજ થોડું (કોળીયાના પ્રમાણથી) લેવું. ૯. આદાનનિક્ષેપણા સમિતિ–આ સાધુ પોતાની પાસે એક મોરપીંછી, એક લાકડાનું કમંડળ અને

શાસ્ત્ર રાખે છે તેને જોઇ સંભાળીને મુકવાં કે ઉપાડવાં. ૧૦ મનોગુપ્તિ—મનને વશ રાખવું. ૧૧. વચનગુપ્તિ—વાણીને વશ કરી મૌનવ્રત પાળતા રહેવું. ૧૨ કાયગુપ્તિ—શરીરને નિશ્ચલ આસન લગાવીને રાખવું તથા ઓછું સુવું (એકજ પાસે સુતું). ૧૩. ત્રસ સ્થાવર જીવોને પીડા ન થાય એવી જંતુરહિત શુદ્ધ ભૂમિ ઉપર મળમૂત્ર વગેરે ક્ષેપણ કરી પ્રાસુક શુદ્ધ કરેલા જળ (પાણી)થી શૌચક્રિયા કરવી. જે ઐલક સુધીના શ્રાવકપદનાં વ્રતો પાળે છે, તે મુનિનાં વ્રતોને સુગમતાથી પાળી શકે છે.

पूजवायोग्य पंचपरमेष्ठीनु स्वरूप.

(૨૭) આ મુનિનાં વ્રતોને પાળવાવાળામાંથી જે ઘણા સમયના અભ્યાસી, દૃઢી, સાહસી, પ્રભાવશાળી અને રાજ્ય કરવાયોગ્ય હોય છે તેને **આચાર્ય** કહે છે, જે બીજાને જ્ઞાન આપવાનું કામ ઘણું કરીને કરે છે તેને **ઉપાધ્યાય** કહે છે અને બાકીના **સાધુ** સંજ્ઞામાં છે. આ ત્રણે અંતરાત્માઓને અર્હંત (અરિહંત) અને સિદ્ધ પરમાત્માઓને પંચપરમેષ્ઠી કહે છે કેમકે તે પાંચજ આત્મિક સુખ અને શાંતિનું સ્થાન છે. એમના ધ્યાન, મનન અને વિચારથી ભલું ઇચ્છવાવાળાને સુખશાંતિનો લાભ થાય છે. એ ત્રણેને મંગળરૂપ (શુભરૂપ), લોકોત્તમ અને પરમ શરણ કહે છે. જો કે તેઓ ભક્તો ઉપર ખાસ અનુગ્રહ (કૃપા) કરીને કંઈ આપતા નથી, પણ એની ભક્તિથી ભક્તના ભાવોની ઉજ્વળતા થાય છે, તેથીજ સુખશાંતિનો લાભ અને વીતરાગ ભાવની પ્રાપ્તિ થાય છે, જેથી પૂર્વે બંધાયલાં કર્મો દૂર થઈ અને તેમાં રાગપણું ઓછું થવાથી મહાન પુણ્યનો બંધ થાય છે, એથીજ એમનો નમસ્કાર રૂપ એક **૩૫ અક્ષરનો મંત્ર** છે.

णमो अरहंताणं, णमो सिद्धाणं, णमो आइरियाणं;
णमो उवज्झायाणं, णमो लोये सव्वसाहूणं ॥

આ મંત્રને ધ્યાન અને સામાયિક સમયે જપાય છે. એના દરેક પદમાં ॐ જોડવામાં આવે અને કોઇ ખાસ કાર્યના સાધન માટે ભણે (જપે) તો લૌકિક (વ્યવહારિક) કાર્યની સિદ્ધિ થવામાં નિમિત્ત કારણ છે. એ મંત્રના સંક્ષેપ રૂપો બીજાં પણ છે જેવાકે ॐ નમઃ સિદ્ધેભ્યઃ અસિ-आउसा, अर्हंतासिद्ध વગેરે.

त्रण रत्नोनुं स्वरूप.

(૨૮) આત્માને સુખ અને શાંતિ પ્રાપ્ત કરવાના જે ઉપાય ઉપર કહી ગયા છીએ તેમાંજ દઢતાથી (શંકા રહિત) રૂચિ કરવી તે **સમ્યગ્દર્શન**, તેનુંજ અનેક શાસ્ત્રોદ્વારા વિશેષ જ્ઞાન પ્રાપ્ત થવું તે **સમ્યગ્જ્ઞાન** અને તે પ્રમાણે પોતાની શક્તિ મુજબ આચરણ કરવું તે સમ્યક્ચારિત્ર છે. એ ત્રણેની એકત્રતાજ આત્માની રાગ દ્વેષરૂપ પરિણતિને મટાડીને વીતરાગ ભાવ ઉત્પન્ન કરવાનો ઉપાય છે. જ્યારે કોઇ પોતાના આત્માની શક્તિરૂપી સ્વભાવને સંશય રહિત અને શ્રદ્ધા સહિત જાણીને તેજ પ્રમાણે તેમાં તલ્લીન થાય છે, ત્યારેજ ત્યાં ત્રણેની એકત્રતા થાય છે.

जैनधर्म શું છે?

(૨૯) આત્માની ઉપર જણાવેલી શુદ્ધતા પ્રાપ્ત કરવાને અને આત્માનું સ્વાભાવિક સુખ અને શાંતિ પ્રાપ્ત કરવાના માર્ગને જિનધર્મ (જૈન ધર્મ) કહે છે. જેણે રાગ દ્વેષ વગેરે શત્રુઓને જીતી લીધેલા છે તેનેજ "જિન" કહે છે. સિદ્ધાંતકૌમુદીમાં 'જિન' શબ્દની વ્યાખ્યા નીચે મુજબ છે—

" जयतीति जिनः इण् सिञ्जिदीङुष्यविभ्योनक् " (ઉણાદિકના તૃતીય પાદની સૂત્ર સંખ્યા ૨૮૯) ઉદાહરણ—**इनः सनः जिनोऽर्हन् दीनः उष्णः ऊनः** એથી આત્માનો ધર્મજ જિનધર્મ કહેવાય છે. જ્યારથી આત્મા છે ત્યારથી આ ધર્મ પણ છે એમ સિદ્ધ થાય છે.

जिनधर्म प्राचीनतामां अनादि छे.

(૩૦) જિનધર્મ પ્રાચીનતામાં અનાદિ છે. આ આત્મા અનાદિ છે અને ધર્મ અને સ્વભાવ પણ અનાદિ છે, જેથી આ જિનધર્મ અનાદિ છે. આ જગત અનાદિ છે. એમાં આત્માની અશુદ્ધતા અને અશુદ્ધતાથી શુદ્ધિ પ્રાપ્ત કરીને પરમાત્મા થવું તે અનાદિ છે; એથી શુદ્ધિનો માર્ગ પણ અનાદિ છે અને જે શુદ્ધિનો માર્ગ છે તેજ જિનધર્મ છે તેથી અનાદિ છે. હાલમાં પ્રચલિત વેદોમાં પણ જિનધર્મના તીર્થંકરોનાં નામો મળી આવે છે.

आतिथ्यरूपं मासरं महावीरस्य नग्नहुः।
रूप मुपासदामेतत्तिस्रो रात्रीः सुरासुताः ॥

યજુર્વેદ અ૦ ૧૯ મંત્ર ૧૪.

અર્થાત્-અતિથિસ્વરૂપ પૂજ્ય, મહીના વગેરેના ઉપવાસ કરવાવાળા **મહાવીર તીર્થંકરના** નગ્ન સ્વરૂપની ઉપાસના કરો, જેથી એ ત્રણે **रात्रीः** એટલે અજ્ઞાન સંશય વિપર્યય અનધ્યવસાય અને **सुराः** એટલે ધનમદ, શરીરમદ અને વિદ્યામદની ઉત્પત્તિ થતી નથી તથા ઐતિહાસિક દૃષ્ટિથી એ બાબત પૂર્ણપણે સિદ્ધ થાય છે કે જ્યારથી ઇતિહાસનો પત્તો લાગેલો છે ત્યારથી જૈનધર્મ ગૌતમબુદ્ધના સમયમાં પણ આ જિનધર્મ ફેલાયલો હતો. બૌદ્ધ ગ્રંથોમાં જ્યાં ત્યાં જૈન સાધુઓની સાથે વાદાનુવાદની અને મહાવીરસ્વામીના નામની વાર્તાઓ આવે છે, પણ મહાવીરસ્વામીએ પોતાનો નવો મત યાને જિનમત સ્થાપન કર્યો એવું કથન કોઇપણ સ્થળે નથી. એક વિદ્વાન કહે છે કે-

(પત્ર તા. ૩-૧૨-૧૧) Dr. A. Guirnot Paris.) "Concerning the antiquity of Jainizm comparatively to Budhizm, the former is truly more ancient than the latter.

અર્થાત્ જૈનધર્મની પ્રાચીનતાનો મુકાબલો બૌદ્ધ ધર્મની સાથે કરતાં એમ સિદ્ધ થાય છે કે જૈનધર્મ બૌદ્ધમતથી ખરી રીતે જોતાં ઘણોજ જુનો છે.

(૩૧) આ જિનધર્મ કોઇ ધર્મની શાખા નથી, પણ **જિનધર્મનો મહિમા** સ્વાભાવિક અસલી ધર્મ છે જેવી રીતે કે ઉપરના વિદ્વાન કહે છે કે–There is very great ethical value in Jainizm for men's improvement, Jainizm is very original independent and systematical doctrine. It is more simple, more rich, and varied than Brahmanical systems, not negative like Budhizm." અર્થાત્ મનુષ્યની ઉન્નતિને માટે જૈનધર્મમાં ઘણીજ વાસ્તવિક ઉપયોગિતા છે. જૈનધર્મ ઘણોજ જુનો (પ્રાચીન), સ્વતંત્ર અને નિયમબદ્ધ ધર્મ છે. એ ધર્મ ઘણોજ સાદો, ઘણોજ કીંમતી અને બ્રાહ્મણોના મતથી ભિન્ન છે તથા બૌદ્ધની માફક નાસ્તિક નથી.

સાચો મોક્ષમાર્ગ.

(૩૨) જૈન ધર્મના મૂળ સિદ્ધાંતો છ દ્રવ્ય અને સાત તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરી દૃઢ શ્રદ્ધાન રાખવું અને પોતાની શુદ્ધિ માટે યત્ન કરવો. "**સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ** આત્માને કર્મબંધનોથી છોડાવવાનો માર્ગ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રની એકત્રતા છે, અર્થાત્ સાત તત્ત્વોનું શ્રદ્ધાન, સંશય

રહિત જ્ઞાન અને યથાર્થ આચરણ કરવું તે છે. તેનો અર્થ એ પણ કરી શકાય છે કે Right belief, right knowledge and right conduct એ વ્યવહાર નયથી છે. નિશ્ચયથી પોતાનાજ શુદ્ધાત્માનું યથાર્થ શ્રદ્ધાન, યથાર્થ જ્ઞાન અને યથાર્થ ચારિત્રજ મોક્ષનો ઉપાય છે અર્થાત્ જ્યારે ગ્રાહક સર્વે પરભાવોથી ભિન્ન પોતાના શુદ્ધ આત્મિક ભાવમાં તલ્લીન થાય છે ત્યારે ત્રણેની એકતા થાય છે. તેજ ભાવ સાક્ષાત્, આનંદરૂપ અને શાંતિમય છે અને એજ પૂર્વે બંધાયેલા કર્મોને આત્માથી છોડાવવાવાળો છે.

जिन धर्मनी पीछानननां साधनो.

(૩૩) સામાન્ય રૂપે **જૈન ધર્મની પ્રાચીનતા**, સાત તત્વોનું જ્ઞાન અને ગ્રહસ્થીઓનાં ધાર્મિક આચરણો જાણવાને માટે **જિનેંદ્રમતદર્પણ** ભાગ પહેલો (કિં૦ એક આનો) અને ભાગ ત્રીજો (**ગ્રહસ્થધર્મ**) કિં ૧)= મંગાવવા જોઇએ, તેમજ તત્વોના જ્ઞાનને માટે માટે **તત્વમાળા**(જિનેંદ્રમતદર્પણ ભાગ બીજો કિં. ૩.૦૧) પણ મંગાવવો જોઇએ. આ ત્રણે પુસ્તકો મેનેજર, દિગંબર જૈન-પુસ્તકાલય, ચંદાવાડી–સુરતથી મળી શકે છે. વળી તત્વોનું જ્ઞાન પ્રાચીન આચાર્યોના ગ્રંથોથી જાણવાને માટે નીચેના ગ્રંથો પણ જોવા યોગ્ય છે–

૧. **દ્રવ્યસંગ્રહ** હિન્દી ટીકા સાથે–ચાર આના.
૨. **મોક્ષશાસ્ત્ર** યાને તત્વાર્થસૂત્ર, ગુજરાતી ટીકા સાથે–દશ આના.
૩. **પંચાસ્તિકાય** હિન્દી ટીકા સાથે–બે રૂપ્યા.
૪. **રત્નકરંડશ્રાવકાચાર** હિન્દી ટીકા સાથે–ચાર આના.
૫. **મોક્ષમાર્ગપ્રકાશ** હિન્દી–પોણાબે રૂપ્યા.

૬. **બૃહદ્દ્રવ્યસંગ્રહ** મોટી ટીકા—બે રૂપ્યા.

૭. **અર્થપ્રકાશિકા** તત્વાર્થસૂત્રની સરળ અને બૃહત ટીકા-રૂ. ૩ાાં.

૮. **જ્ઞાનાર્ણવ** હિન્દી ટીકા સહિત—ચાર રૂપ્યા.

૯. **પરમાત્મપ્રકાશ** ટીકા—ત્રણ રૂપ્યા.

૧૦. **પ્રવચનસાર** ટીકા—ત્રણ રૂપ્યા.

૧૧. **સપ્તભંગી તરંગિણી** રૂ. ૧ા.

૧૨. **ગોમ્મટસાર** જીવકાંડ અને કર્મકાંડ ટીકા—રૂ. ૪ાા.

૧૩. **આત્માનુશાસન** ટીકા-રૂ. ૧ાાા.

ઉપલાં પુસ્તકો પણ **દિગંબર જૈન પુસ્તકાલય-સુરતથી મળી શકે છે.**

જિનમત સંબંધી **શંકા સમાધાન** કરવાનું ઠેકાણું—

ચંદ્રસેન જૈન વૈદ્ય, મંત્રી, **જૈન** તત્વ પ્રકાશિની સભા-ઇટાવા

અંગ્રેજી **જાણનારને અંગ્રેજી ભાષાના** જૈન **પુસ્તકો** મંગાવવાનું સ્થળ—

કુમાર દેવેંદ્રપ્રસાદજી, મંત્રી, **જૈન** સિદ્ધાંતભવન-**આરા** Arrah

દિગંબરી **જૈનો** તરફથી પ્રકટ થતાં પત્રો—Jain Gezette અંગ્રેજી માસિક (લખનોર), **જૈનમિત્ર** હિન્દી અઠવાડિક (સુરત), **દિગંબર જૈન** હિન્દી ગુજરાતી માસિક (સુરત), **જૈનહિતૈષી** હિન્દી માસિક (મુંબાઈ), **સત્યવાદી** હિન્દી—માસિક (મુંબાઈ), **જૈન પ્રભાત** હિન્દી માસિક (બડનગર), પ્રગતિ—જિન વિજય મરાઠી પાક્ષિક (બેલગામ), **જૈન બોધક** મરાઠી માસિક (સોલાપુર), **જૈન ગજટ** હિંદી અઠવાડિક (મથુરા) વગેરે વગેરે.

સસ્તી જૈનગ્રંથમાળા.

દર વર્ષે ૮૦૦ પાનાનું વાર્તારૂપે વાંચન પુરૂં પાડનારી સર્વોત્તમ નવીન ગ્રંથમાળા. વાર્ષિક મૂલ્ય માત્ર આઠ આના પોસ્ટેજ સાથે.

ગ્રંથમાળાનો પ્રથમ મણકો **ચેતન-કર્મચરિત્ર** (પૃ. ૨૨૫) અને અને બીજો મણકો **શ્રી યશોધરચરિત્ર** (પૃ. ૨૦૭) તૈયાર છે જે માત્ર નવ આનાના વી. પી. થી તરત મંગાવી લો.

મેનેજર, **સસ્તી જૈનગ્રંથમાળા**, ચંદાવાડી-**સુરત**

Printed by-

Moolchand Kasondas Kapadia at his '*Jain Vijaya*'
printing press, near khapatia chakla,
Laxminarayan's wadi-SURAT.

Published by-

Moolchand Kasondas Kapadia, Hon: Editor, 'Digambar
Jain' and proprietor 'Digambar Jain Poostakalaya,'
from Khapatia chakla, Chandawadi-SURAT.